## સુરત મહાનગરપાલિકા

<u>પ્રેસનોટ</u>

સુરત શહેરમાં પ્લાસ્ટિક અધિનિયમ અંતર્ગત સિંગલ યુઝ પ્લાસ્ટિક તથા ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈધરાવતા પ્લાસ્ટિકનો ઉપયોગ પ્રતિબંધિત છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાર્બેજ ફ્રી સીટીની માર્ગદર્શિકા મુજબ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ પ્રતિબંધિત છે. હાલમાં સુરત શહેરે સ્વચ્છતામાં સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે અને ગાર્બેજ ફ્રી સીટી રેટિંગમાં 7 સ્ટાર પ્રાપ્ત કરેલ છે. સુરત શહેરનો સ્વચ્છતામાં પ્રથમ ક્રમાંક તથા ગાર્બેજ ફ્રી સીટી રેટિંગમાં 7 સ્ટાર જળવાય રહે તે માટે સુરત મહાનગરપાલિકાના ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક તથા સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકાના ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા સાત દિવસમાંહોલસેલર, રીટેલર, મેડીકલ સ્ટોર, કરીયાણાની દુકાન, વેજીટેબલ માર્કેટ વિગેરે જેવીસંસ્થામાં તપાસ કરી કુલ૧૭,૪૯૯ કી.ગ્રા. પ્રતિબંધિત/સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરી૨૦,૪૨,૩૦૦રૂ.વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.તા.૨૯-૦૧-૨૦૨૪ ના રોજ સેન્ટ્રલ ઝોનના આરોગ્ય વિભાગ દ્વારાકુલ ૪,૬૬૫ કી.ગ્રા.પ્રતિબંધિત/સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરેલ, જે પૈકીજામનગર ટ્રાન્સપોર્ટના ગોડાઉન ખાતેથી૩,૦૯૦ કી.ગ્રા. પ્લાસ્ટિકજપ્ત કરવામાં આવેલ, જે એક દિવસમાં એક ઝોન દ્વારા આજદિન સુધીનો પ્રતિબંધિત/સિંગલ યુઝ પ્લાસ્ટિકનો સૌથી મોટો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફ થી
સાદર સમાચાર યાદી નં.૫૦૪
તાઃ ૩૦/૦૧/૨૦૨૪


S M C
GJ-5-GV-1176




Kajaria
pk